





9

# ગુજરાતી

# ક્લાસ ૮

# અનુક્રમણિકા


અનુક્રમણિકા.................................0

ભારતનાં રાજ્યો.............................2

ધર્મ અપનાવાની જરૂરત.......................4

કુર્આને મજીદની આયતો........................5

શબ્દાર્થ ......................................6

પૈસાને વેડફાય નંહી ...........................7

હાંસ્ય વાર્તા ..................................8

આંકડા.........................................9

ફુરસતનો સહીહ ઉપયોગ • • • • • • • • • • • • • • • • • • 10

ભણયા પણ ગણયા નંહી ...................... 12

શબ્દાર્થ ...................................... 14

તકરીર........................................ 14

કઠોળ.......................................... 16

ચોરને ચાંદયડા સુજે .......................... 18

અગત્યની કેહ્વતો............................ 19

દાદીમાં ની શિખામણ ........................ 20

ક્રિયાપદ નો કેમ ઉપયોગ કરશો?.............. 21

સંખ્યાવાંચન ................................ 21


# ભારતનાં રાજ્યો


INDIA
States and Union Territories
JAMMU & KASHMIR
Srinagar
HIMACHAL PRADESH
Shimla
Chandigarh
PUNJAB
UTTARANCHAL
Dehradun
DELHI
HARYANA
PAKISTAN
CHINA (TIBET)
ARUNACHAL PRADESH
Itanagar
NEPAL
SIKKIM
Gangtok
BHUTAN
UTTAR PRADESH
Lucknow
RAJASTHAN
Jaipur
Patna
BIHAR
ASSAM
Dispur
NAGALAND
Kohima
Shillong
Imphal
MANIPUR
MEGHALAYA
Agartala
TRIPURA
Aizawl
MIZORAM
MYANMAR
GUJARAT
Gandhinagar
Bhopal
MADHYA PRADESH
Ranchi
JHARKHAND
WEST BENGAL
Calcutta
CHHATTISGARH
Raipur
ORISSA
Bhubaneshwar
ARABIAN SEA
DIU
DAMAN
DADAR & NAGAR HAVELI
MAHARASHTRA
Mumbai (Bombay)
BANGLADESH
Hyderabad
ANDHRA PRADESH
YANAM (Pondicherry)
BAY OF BENGAL
Panaji
GOA
KARNATAKA
Bangalore
Chennai (Madras)
PONDICHERRY (Puduchchery)
Port Blair
LAKSHADWEEP
MAHE (Pondicherry)
TAMILNADU
KARAIKAL (Pondicherry)
ANDAMAN & NICOBAR ISLANDS
KERALA

ગુજરાત–Gujarat
મહારાષ્ટ્ર–Maharashtra
રાજસ્થાન–Rajasthan
જમ્મુ અને કશ્મીર–Jammu & Kashmir
પંજાબ–Punjab
હરિયાણા–Haryana
ઉત્તર પ્રદેશ–Uttar Pradesh
બિહાર–Bihar
પશ્ચિમ બંગાળ–West Bengal
આસામ–Assam
નાગાલેન્ડ–Nagaland
ઓરિસ્સા–Orissa
મણિપુર–Manipur
ત્રિપુરા–Tripura
હિમાચલ પ્રદેશ–Himachal Pradesh
મેઘાલય–Meghalaya
સિક્કિમ–Sikkim
ગોવા–Goa
અરુણાચલ પ્રદેશ–Arunachal Pradesh
મિઝોરમ–Mizoram
મધ્ય પ્રદેશ–Madhya Pradesh
આંધ્ર પ્રદેશ–Andhra Pradesh
તમિલનાડુ–Tamilnadu
કર્ણાટક–Karnatak
કેરલ–Kerala

# ધર્મ અપનાવાની જરૂરત





(૧) આપણે બધા જાણીએ છીએ કે મનુષ્ય એ સામાજિક પ્રાણી છે. દરેક મનુષ્ય પોતાની જીવન જરુરીયાત માટે બીજા લાખો લોકો ઉપર આધારિત રહે છે. આપણે એ પણ જાણીએ છીએ કે માણસ પોતાની સામાજિક સુરક્ષા જાળવવાની ઇચ્છા રાખતો હોય છે. સાથોસાથ સમાજમાંથી અન્યાય દૂર થાય અને સમાજમાં દરેકના હક જળવાય રહે તેની પણ ઝંખના રાખતો હોય છે. પરંતુ પ્રશ્ન એ ઉભો થાય છે કે કાયદા બનાવવા માટે હકીકતમાં કોણ અધિકૃત છે ? શું એક માણસ (જે રાજા હોય કે પછી સરમુખત્યાર) તે કાયદો બનાવી શકે ખરો ? ના. કારણકે કોઈપણ માણસને કાયદો ઘડવાનું કામ સોંપવામાં આવે તો હંમેશા તે કાયદો બનાવતી વખતે પોતાનું હીત ધ્યાનમાં રાખશે. તો શું કોઇ માણસોના સમુહને (તે સમુહ રાજા, મહારાજ, ઉમરાવનો હોય કે સરમુખત્યારોનો) આ કામ સોંપવું જોઈએ? ના. કારણ કે તે સમુહની દરેક વ્યક્તિ ખોટો નિર્ણય લે તેવી સંભાવના રહેલી છે. અને ખોટા નિર્ણય કરનારા કોઇ દિવસ સંપૂર્ણ કાયદો બનાવી શકે નહીં.


(૨) એ વાત પણ મહત્વની છે કે કોઇ પણ સમુહ નિસ્વાર્થ રીતે કામ કરી શકતો નથી. દાખલા તરીકે (સામ્રાજ્યવાદના) રાજાશાહી જમાનામાં રાજાઓ પોતાનો સ્વાર્થ પૂરો થાય તેવા કાયદાઓ બનાવતા હતા. હાલની સંસ્થાઓ (ધારાસભા કે લોકસભા જેવી કાયદા ઘડનારી સંસ્થાઓ) પોતાની સ્થાનિક વસ્તીના હીતને લક્ષમાં લઈને કાયદા બનાવે છે.

**સવાલ : નચેના સમજાવેલા શબ્દોથી એક એક વાકેયનો ભાગ (phrase) વનાવ્વો.**

# શબ્દાર્થ

**મનુષ્ય :** ઈસાન-માણસ -l'Homme
**સમાજિક :** સંસ્કારી- social
**સુરક્ષા :** અમાન-sécurité
**અન્યાય :** ના-ઈનસાફી-injustice
**અધિકૃત :** કાબીલ-capable

**પ્રાણી :** જીવ - être
**આધારિત :** ટેકો લ્યે છે-dépendant
**ઈચ્છા :** ઝંખના-મન-envie
**પ્રશ્ન :** સવાલ-question
**હીત :** લાભ-intérêt



# કુર્આને મજીદની આયતો

## (૧) અહલુલ બય્ત :

રસુલે ખુદા (સ.અ.વ.) અહલુલ બય્ત અ.મુ.સ.ની હીકમત અને ઈલ્મના અનહદ વખાણ કરતાં હતાં. આપ ફરમાવતા કે અહલુલબય્ત અ.મુ.સ. પવિત્ર કુર્આનની સમજણ, અર્થઘટન અને હરામ-હલાલ વિશેની બાબતોમાં કદી પણ ભૂલ કરતાં નથી.

ઉપરની વાતને કુર્આને મજીદની નીચે મુજબની આયતથી સમર્થન મળે છે, જે આયતને ‘‘આયએ તત્હીર’’ કહેવાય છે.

‘‘અય રસુલ સ.ના અહલુલ બય્ત ! (રસૂલ સ.ના ઘરવાળાઓ) અલ્લાહ તમારાથી તમામ અપવિત્રતાઓને દૂર રાખે અને એવા પાક રાખે જેવો પાક રાખવાનો હક છે.’’ (સૂ. અહઝાબ, આયત : ૩૩)

## (૨) કુર્આને મજીદનું મહત્વ :

ખુદા વંદે કરીમ પવિત્ર કુર્આનમાં ફરમાવે છે કે : ‘‘નિસંશય આ (કુર્આન) નિર્ણય કરનાર બોલ છે. અને આ કોઈ બેહુદો (શ્લોક) નથી.’’

(સુ. તારિક : આ. ૧૩-૧૪)

‘‘જે (કિતાબ - કુર્આન) તેની આગળની કિતાબ સચ્ચાઇ (ને સમર્થન) આપનારી છે. અને સત્યતા તરફ તથા સન્માર્ગ તરફ હિદાયત કરનારી છે.’’ (સુ. અહકાફ : આ. ૩૦)

પયગમ્બર (સ.અ.વ.) એ ફરમાવ્યું : ‘‘જો તમારી પાસે રાત્રીના અંધકારના ટુકડા વિશે કોઈ પ્રશ્ન આવે તો તે વિશે કુર્આનમાં જુઓ તમારા પ્રશ્નનો તેમાંથી ઉકેલ મળી આવશે.’’

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| અનહદ : | બેહદ - illimité | પવિત્ર : | પાક - pur |
| અર્થઘટન : | interprétation | સમર્થન : | સાબિતી - preuve |
| સત્યતા : | Vérité - સચ્ચાઈ | સન્માર્ગ : | સાચો રસ્તો-voie droite |
| નિસંશય : | બેશક - Certes | ઉકેલ : | રસ્તો - નિર્ણય- solution |
| બેહુદા : | અયોગ્ય - nul | મહ્ત્વ : | જરૂરી - importance |

# પત્ર કેમ લખશો?

જોગ : તનાનરીવ
નેકનામ,

વહાલી બહેન ફ્રાતેમા તથાં ઘરના સાથ સર્વેઓની પ્યાર ભરી સેવામાં,

જત ઘણાજ સલામ બાદ લખવાનું કે લાંબો સમય થયો તારા કંઈ સમાચાર નથી, તો મને પત્ર લખી જરૂર તારી તબીયતથી વાકેફ કરવા આભારી થજે.

પણ જો તને આ ટપાલ ન પહોંચે, તો જરૂર મને જાણ કરજે જેથી હું તને આવીજ બીજી ટપાલ પાછી લખી મોકલાવું!!!

અમો સહુ, તારી ભલી દુઆથી, અંહી ખુશી મજામાં છીએ, આશા છે કે તમો સહુ પણ ખુશી મજામાં હશો અને સદા સુખી રહો તેવી દુઆ છે.

બાદમાં લખવાનું કે તારા ભાઈની ફીકર કરીશ નંહિ, તેને સારી નોકરી મળી ગય છે, તેની હેઠળ પાંચસો માણસો છે!!!

હા, તેને કબ્રસતાનની રખેવાળી સોંપવામાં આવી છે!!!

બાદમાં જણાવાનું કે હું તને એક ચાદર મોકલું છું.
તેમના બટન લોઢાના છે, તો બહુજ વઝની હોવાથી તેને કહાઢીને ઉપલા ખીસ્સામાં નાખ્યા છે, જેથી મોકલવામાં વઝન ઓછો થાય, અને ઓછા પૈસા ભરવામાં આવે, તો તે બટન ફરીથી ટાંકી લેજે, તે બદલ તારો આભાર વ્યકત કરૂં છું.

હાલમાં તો બીજા નવીન નથી, હવે તારો જવાબ મળતાજ બીજો પત્ર લખીશ. છોટુંને મારા તરફથી પ્યાર કરજે.

લી : તારી મીઠુંડી ભાભીના હેત ભર્યા સલામ.

# પૈસાને વેડફાય નંહી



એક વેપારીને ઘેર એકનો એક દીકરો. આથી માતા-પિતા પુત્રને બહુ લાડ કરે. એને ખુશ રાખવામાં તેઓ કોઈ ખામી આવવા દે નહિ.

વધારે પડતાં લાડથી પુત્ર બગડવા લાગ્યો. એ જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ વધુને વધુ ઉડાઉ થતો ગયો. ખોટો ખરચ ન કરવો જોઈએ એવી એને ખબર પડતી નહિ. આથી માતા-પિતાને ચિંતા થવા લાગી. પુત્રને સુધારવા માટે માતા-પિતાએ ઘણા પ્રયત્નો કર્યા. પણ કોઈ ફરક પડ્યો નહિ.

એક દિવસ પિતાએ પુત્રને કહ્યું: 'બેટા, મારી પાસે જે કાંઈ છે તે તારું જ છે. પણ શરત એ કે તું પણ કમાઈ શકે છે એવું તારે બતાવવું પડશે. ત્યાં સુધી મારા પૈસામાંથી તને એક પૈસોય નહિ મળે.'

પિતાની ટકોરથી પુત્રને ખૂબ લાગી આવ્યું એણે નક્કી કર્યું, 'હું કમાઈ શકું છું એવું ચોક્કસ બતાવી આપીશ.'

બીજે દિવસે પુત્ર કામની શોધમાં નીકળ્યો. ફરતા ફરતા તેને લારી ખેંચવાનું મળ્યું. કામમાં અનાજની ગૂણો લારીમાં મૂકવાની ને બીજે દિવસે જઈને ઉતારવાની હતી. આખો દિવસ કાળી મજૂરી કરી ત્યારે એને એક રૂપિયો મળ્યો. રૂપિયો લઈ એ ઘેર ગયો. એણે રૂપિયો પિતાજીને આપ્યો. ઘરની પાછળ વાડામાં એક કૂવો હતો. પિતાએ તો પુત્રના દેખતાં એ રૂપિયો કૂવામાં નાખી દીધો.

થોડા દિવસ આમ જ ચાલ્યું. પિતા દીકરાને કશું કહે નહિ અને એની કમાણીનો રૂપિયો કૂવામાં નાંખી દે. હવે પુત્ર અકળાયો. તેણે પૂછ્યું, 'પિતાજી, મારી કાળી મજૂરીનો રૂપિયો તમે આમ કૂવામાં શા માટે નાખી દો છો?'

પિતાએ એને કહ્યું: 'હું જાણું છું કે તું દિવસભર સખત મજૂરી કરે છે ત્યારે એક રૂપિયો કમાય છે. તારી મહેનતનો એક રૂપિયો જ્યારે હું કૂવામાં નાંખી દઉં છું ત્યારે તારું હૃદય કપાઈ જતું હશે એ પણ હું સમજી શકું છું. એ જ પ્રમાણે દીકરા, મારા કમાયેલા રૂપિયા તું જ્યારે ગમે તેમ વેડફી નાખતો હતો ત્યારે મને કેવું લાગતું હશે એ તને હવે સમજાયું હશે.'

પુત્રને પોતાની ભૂલ સમજાઈ ગઈ. એણે પિતાને કહ્યું: 'હવેથી હું રૂપિયા ગમે તેમ વેડફીશ નહિ.'

## અઘરા શબ્દ

| | | | |
|---|---|---|---|
| પુત્રઃ | બાળક - fils | ચિંતા : | વ્યાધી - souci |
| લાડ : | ચાગ - gâterie | પ્રયત્ન : | કોશિશ - effort |
| ખોટ : | ખામી - défaut | ટકોર : | સુચના - avis |
| લારી : | ગાડી - véhicule | વાડામાં : | La cour |
| કાળી મજુરી : | સખત કમાણી- dur labeur | અકળાયો : | ખીજાણો- se dresser contre |
| હૃદય : | દીલ - cœur | વેડફી : | ઉલારી - gaspiller |

# હાંસ્ય વાર્તા

પતિ : 'તારા જન્મદિવસે હીરાનો હાર ભેટ લાવ્યો છું. '

પત્ની : 'તમે તો મને મોટરકાર લઈ દેવાના હતા ને ?'

પતિ : 'હા, પણ નકલી મોટરકાર મળી નહીં.'


# આંકડા - યાદી

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | એક | ૨૬ | છવીસ | ૫૧ | એકાવન | ૭૬ | છાઉતેર |
| ૨ | બે | ૨૭ | સત્યાવીસ | ૫૨ | બાવન | ૭૭ | સીતોતેર |
| ૩ | ત્રણ | ૨૮ | ઈઠયાવીસ | ૫૩ | ત્રેપન | ૭૮ | ઈઠોતેર |
| ૪ | ચાર | ૨૯ | ઓગણીસ | ૫૪ | ચોપન | ૭૯ | ઓગણાએસી |
| ૫ | પાંચ | ૩૦ | ત્રીસ | ૫૫ | પંચાવન | ૮૦ | એસી |
| ૬ | છ | ૩૧ | એકત્રીસ | ૫૬ | છપ્પન | ૮૧ | એકયાસી |
| ૭ | સાત | ૩૨ | બત્રીસ | ૫૭ | સતાવન | ૮૨ | બીયાસી |
| ૮ | આઠ | ૩૩ | તેત્રીસ | ૫૮ | અઠાવન | ૮૩ | ત્રીયાસી |
| ૯ | નવ | ૩૪ | ચોત્રીસ | ૫૯ | ઓગણસાહીઠ | ૮૪ | ચોર્યાસી |
| ૧૦ | દસ | ૩૫ | પાંત્રીસ | ૬૦ | સાહીઠ | ૮૫ | પીચ્યાસી |
| ૧૧ | અગ્યાર | ૩૬ | છત્રીસ | ૬૧ | એકસઠ | ૮૬ | છીયાસી |
| ૧૨ | બાર | ૩૭ | સાડત્રીસ | ૬૨ | બાસઠ | ૮૭ | સત્યાસી |
| ૧૩ | તેર | ૩૮ | આડત્રીસ | ૬૩ | ત્રેસઠ | ૮૮ | ઈઠયાસી |
| ૧૪ | ચૌદ | ૩૯ | ઓગણચાલીસ | ૬૪ | ચોસઠ | ૮૯ | ઓગણનેવુ |
| ૧૫ | પંદર | ૪૦ | ચાલીસ | ૬૫ | પાંસઠ | ૯૦ | નેવુ |
| ૧૬ | સોળ | ૪૧ | એકતાલીસ | ૬૬ | છાંસઠ | ૯૧ | એકાણુ |
| ૧૭ | સત્તર | ૪૨ | બેતાલીસ | ૬૭ | સડસઠ | ૯૨ | બાણુ |
| ૧૮ | અઢાર | ૪૩ | તેતાલીસ | ૬૮ | અડસઠ | ૯૩ | ત્રાણુ |
| ૧૯ | ઓગણીસ | ૪૪ | ચુમાલીસ | ૬૯ | ઓગણસીત્તેર | ૯૪ | ચોરાણુ |
| ૨૦ | વીસ | ૪૫ | પીસતાલીસ | ૭૦ | સીંતેર | ૯૫ | પચાણુ |
| ૨૧ | એકવીસ | ૪૬ | છેંતાલીસ | ૭૧ | એકોતેર | ૯૬ | છન્નુ |
| ૨૨ | બાવીસ | ૪૭ | સુડતાલીસ | ૭૨ | બોતેર | ૯૭ | સતાણુ |
| ૨૩ | ત્રેવીસ | ૪૮ | અડતાલીસ | ૭૩ | તોતેર | ૯૮ | અઠાણુ |
| ૨૪ | ચોવીસ | ૪૯ | ઓગણપચાસ | ૭૪ | ચીમોતેર | ૯૯ | નવ્વાણુ |
| ૨૫ | પચ્ચીસ | ૫૦ | પચાસ | ૭૫ | પીચોતેર | ૧૦૦ | સો |

# ફુરસતનો સહીહ ઉપયોગ

આપણને ક્યારેય સવાલ મગજમાં આવ્યો છે કે શા માટે નિશાળમાં દર વર્ષે છુટ્ટી આપવામાં આવે છે ? કારણકે જો કોઈ માણસ આખો વર્ષ ભણ્યા જ કરે, તેને કોઈ પણ જાતની રજા આપવામાં ન આવે, તો તેનું મગજ થાકી જાય છે. તેના મગજ પર ભાર લાગે છે. એટલુંજ નહી, જો સતત લેસન કરાવ્વામાં, કે કોઈ કામ કરાવ્વામાં આવે, તો તેનું મન પણ તેનો સાથ આપતું નથી અને તે કામ તેનાથી સારી રીતે થઈ શક્તુ નથી.

એટલાજ માટે : દરરોજ જ્યારે આપણે નિશાળમાં જઈએ છીએ, ત્યારે અમુક વખત આરામ માટે છુટ્ટી આપવામાં આવે છે,આખા અઠવાડિયામાં રવિવારનો એક દીવસ રજા આપવામાં આવે છે, અને વર્ષ પૂરૂં થાય ત્યારે દોઢ- બે મહીનાની ફુરસત આપવામાં આવે છે: જેથી તેમાં આપણે ભણવાનો <u>શારીરિક</u> અને <u>માનસિક</u> થાક ઉતારે, આપણા મનપસંદ કામો કરે, કાંઈ નવુ શીખીએ, અને ત્યાર પછી નવી કુવ્વત અને ઉત્સાહ સાથે નવા વર્ષે નવી ધોરણમાં હાજર થાયે.



ફુરસત એટલે શું ? ફુરસત એટલે એવો ટાઈમ જેમાં કોઈ ની પાસે કંઈ કામની જવાબદારી ના હોય : આ વખતમાં આપણા પસંદગીના દરેક કામ કરી શકે છે. આખા દીવસમાં પણ આપણને આવી ફુરસતનો અમુક વખત મળતો હોય છે.

ફુરસત એટલી કીમતી નેઅમત છે કે મૌલા અલી અ.ફરમાવે છે :

**"અલફુરસતુ તમુરરુ મરરસ્સહાબ ફન્તહીઝુ ફુરસલ ખય્ર"**

<u>ફુરસત **વાદળ**ની જેમ તમારી ઝીંદગીમાંથી પસાર થઈ જાય છે</u>, <u>માટે તમે ફુરસતનો સહીહ **ઉપયોગ** કરો."</u>

આપણી ભવિષ્યની ઝીંદગીનો આધાર આપણે આપણી ફુરસતનો ઉપયોગ કેવો કરે છે તેના પર રહેલો છે. આપણે જો ચોવીસ કલાક કોઈ પણ કામ કર્યા વગર, બેકાર રહે તો તેના ઘણા નુકસાન થાય છે. ઘણાની આદતો છુટ્ટીમાં વધારે ખરાબ થાય છે.



નિશાળે ન જવાનું હોવાથી સવારે બહુજ મોડા ઉઠે છે. જેવી રીતે વધારે ખાવાથી નુકસાન થાય છે, તેવી રીતે વધારે સુવાથી પણ નુકસાન થાય છે. કાંઈ કામ ન હોવાથી ઘણા બચ્ચાઓ આખો દીવસ ટીવી કે ઓર્ડીનેટર સામે બેસી રહે છે જેનાથી આંખોને પણ નુકસાન થઈ શકે છે. એટલુજ નહી,ખાલી મગજ એ શયતાનનું ઘર છે. માટે જો કોઈ તેની ફુરસતના વખતમાં કોઈ સારુ કામ ન કરે તો શયતાની વસવસાનો પણ શીકાર બની જવાની અને ગુનાહના કામમાં ફસાઈ જવાની પણ બીક રહે છે. એટલા માટે તો છુટ્ટીમાં ટાઈમનો સારો ઉપયોગ થાય તે માટે આપણે પહેલાથી વિચારી રાખવુ જોઈએ.

## હાંસ્ય વાર્તા

હારેલા નેતાને એક જણે પૂછ્યું : 'વડીલ, આપ દર વર્ષે જીતો છો પરંતુ આ વખતે હાર્યા એનું શું કારણ ?'

નેતા સખેદ બોલ્યા : 'આ વખતે મત ગણતરી કરનારાઓએ સાચી જ ગણતરી કરી તેથી જ મારે પરાજીત થવું પડ્યું છે.

**નેતા :** leader
શારીરિક : physique
માનસિક : moral
**ઉપયોગ :** Utilisation
વાદળ : nuage
ભવિષ્ય : futur
પરાજીત : battu

# ભણ્યા પણ ગણ્યા નંહી



વેકેશનમાં બાળકો આવા ઉત્તમ પુસ્તકો વાંચે તો એને જીવનમાં સારી પ્રેરણા મળશે સમજી !
હા, ખરી વાત છે.
મૂરખાઓ આખો દિવસ વિડીયો ગેઈમ અને ક્રિકેટ રમવામાં સમય બગાડવાના બદલે આવા ઉત્તમ પુસ્તકો વાંચો તો મહાપુરુષોના જીવનમાંથી પ્રેરણા મળશે સમજ્યા…
અને હા, અમે બહાર જઈએ છીએ.
સારું પપ્પાજી.
…એકવાર તેમણે ગરીબોને ઘરના બધા વાસણ આપી દીધા. ટાઢે ઠરતા લોકોને ગોદડા, ધાબળા, આપી દીધા. ભૂખ્યાને અનાજ આપી દીધું. પડોશીને જરૂરી ઘરની વસ્તુઓ પણ આપી દેવી જોઈએ…
મમ્મીએ આજ સરસ દૂધપાક બનાવ્યો છે. બહાર ઊભેલા ભિખારીને આપી દઈએ…!
ખરી વાત છે. પુસ્તકની માત્ર સારી વાતો વાંચી બેસી રહેવાને બદલે આપણે આજથી જ તેનો અમલ શરૂ કરી દઈએ.
પપ્પાજી, ગઈકાલે જ આ સરસ મજાના ધાબળા લાવ્યા છે. તે ભિખારીને આપી દઈએ.
મમ્મી, ગઈ કાલે જ આ નવા કપડા લાવી છે તે પણ ગરીબ બાળકોને આપવા કામ લાગશે ખરુંને ભાઈલા !



આ ઘઉંની ગુણી જ લઈ જાવ જેથી તમારે લોકોએ રોજે રોજ ભીખ ન માગવી પડે, સમજ્યા !
ભગવાન તમારું ભલું કરે.
નવા પડોશીને ટી.વી. નથી જેથી તેઓ બિચારા ચેનલ નથી જોઈ શકતા, માટે આપણું ટી.વી. તેને જ આપી દઈએ. જેથી તેઓ ખૂબ રાજી થશે!
ને વળી આપણે પડોશીધર્મ બજાવ્યો ગણાશે.
મમ્મી પપ્પા ઘેર પાછા ફરે છે.
અરે ! આ ઘરનો બધો સામાન ક્યાં ગયો?
ઓ...બાપ રે હવે સમજાયું !
પપ્પાજી, અમે તો તમે આપેલ મહાપુરૂષોના જીવનચરિત્ર વાંચતાની સાથે જ પ્રેરણા લીધી હતી...
અરે મૂરખાઓ તમારે પહેલા આખું પુસ્તક તો વાંચવું હતું....!
ભાઈલા, આપણે સારી વાતોનો જીવનમાં અમલ શરૂ કર્યો છતાં મમ્મી પપ્પા કેમ આટલો ગુસ્સો કરે છે ?

# શબ્દાર્થ

***પ્રેરણા:*** શીખામણ ***મુરખા*** : બેવકુફ ***વાસણ*** : ઠામ
***ટાઢે*** : ઠંડી માં ***જીવનચરીત્ર*** : ઝીંદગીની વાતો
***મહાપુરૂષો*** : પ્રખયાત માણસો ***ધાબડા*** : ગાદલા

# તકરીર

બીસ્મીલ્લાહીર્રહમાનીર્રહીમ

અલ્હમ્દુ લીલ્લાહી રબ્બીલ્આલમીન,અસ્સલાતુ વસ્સલામુ અલા અશ્રફીલ અમ્બીયાએ વલમુરસલીન મુહમ્મદીવ વ આલીહીત્તયેબીનત્તાહીરીન. ( સલવાત )

આજની રાત્રીએ જનાબે હીજર ઈબ્ને અદી અલ્કીન્દીનો ટુંક એહવાલ તમારી સમક્ષ પેશ કરીશું .

રસુલે ખુદા સ.અ.સ તેઓના બારામાં કહ્યું હતું કે અઝ્રા નામની જગ્યાએ એવા લોકોને કતલ કરવામાં આવશે જેઓ માટે અલ્લાહ ગઝબ કરશે, અને આ સ્માનવાળાઓ પણ તેઓના કતલ થવાથી ગુસ્સે થશે.

**જનાબે હીજર, બહાદુરીમાં, ઝોહદમાં, ઈબાદતમાં બહુજ મશહુર હતા : અને ઈમામે અલી અ. પ્રત્યે તેઓની ઈખલાસ ભરેલી મોહબ્બત કોઈથી અજાણ ન હતી.**

**તેઓ નાનપણમાં જ ઈમાન લાવ્યા હતા અને દાઅવતના છેલ્લા વરસોમાં રસુલે ઈસ્લામ સ.અ.સ . ની ઝીયારતનો શરફ, તેઓને હાંસીલ થયો હતો.**

**રબઝા ખાતે, જનાબે અબુઝર ને દફન કરવામાં તેઓ શામીલ હતા.**

તેઓ તે લોકોમાંથી હતા જેઓએ ઉસ્માનને પત્ર લખી તેમની ભૂલો તેને જણાવી તેમને નસીહત કરી હતી.

જંગે જમલ, જંગે સીફ્ફીન તેમજ જંગે નહરવાનમાં તેઓ લીડરોમાંથી હતાં અને બહુજ બહાદુરીથી ઈમામ અ.ને સાથ આપ્યો હતો.

**ઈમામે અલી અ.ની શહાદત બાદ તેઓ ઈમામે હસન અ.ની પણ ખીદમત નીખાલસ્તાથી કરી હતી.**

**કુફા ખાતે, મુઆવીયાના ગવરનરની સામે આવાઝ બુલંદ કરી કુરબાની આપી હતી.**

**મુઆવીયાના માણસોની કોશીશ હતી કે માલ તેમજ ખુરસીની લાલચ આપી ઈમામ અ. થી તેમને દૂર કરાવ્વે, પણ તેઓ નાકામ્યાબ રહ્યા, ત્યાર બાદ તેઓ સાથે સખ્તાઈ વાપરવામાં આવી, તેમાં પણ દુશમનો કામ્યાબ ન થયા.**

વધુ દબાણ થતાં , તેઓ દુશ્મનોથી છુપાય ગયા પણ તેમના છુપાય જવાથી તેમનો કબીલો ખતરામાં મુકાય ગયો તેથી સામે આવી તેઓ કુફાના ગવરનર ઝીયાદ ઈબ્ને અબીના હાથે બીજા બાર જાણા સાથે કયદ થયા .

હીજર તેમજ તેમના સાથીઓને મુઆવીયાની પાસે, એક ગવાહીના પત્ર સાથે મોકલાવામાં આવ્યા જેમાં ઘણી ખોટી તોહમતો હતી, મોટામા મોટી તોહમત તે હતી કે હીજર મઆઝલ્લાહ કાફીર થઈ ગયા છે અને ૪૦ ગવાહો તે પત્રની સચ્ચાઈની ખાત્રી આપી હતી જેમાં અમુક ગવાહ મૌજુદ પણ ન હતા.

દમીશ્કની નઝદીક, મુરજ અઝ્રાઅ નામની જગ્યાએ જ્યારે તેઓ પહોંચ્યા ત્યારે મુઆવીયાનો આ પયગામ તેમને કહેવામાં આવ્યો : " કે અગર તેઓ ઈમામે અલી અ. થી બરાઅત નહિં કરે તો તેઓને કતલ કરવામાં આવશે,"

વીલાયતે અલી અ. માં મક્કમ રહી તેઓએ કહ્યું હતું કે જે, અમોને કરવાનું કહો છો, તેનાથી પણ તલવારની અણી ઉપર સબર કરવું, અમારા માટે આસાન છે, તેમજ જહન્નમમાં જવાની બદલીમાં, અમો અલ્લાહ, રસુલ અને તેના વસી પાસે હાજર થવું પસંદ કરીએ છીએ .

**હીજરીસન ૫૧ માં, મુઆવીયાના હુકમથી તે જ જગ્યાએ તેઓને કતલ કરાવામાં આવ્યા અને ત્યાં જ તેઓ દફન થયા.**



**આખીરમાં** ખુદાવંદે કરીમ પાસે દુઆ કરીએ કે રસુલે ખુદા સ. તેમ એહલેબૈત અ. ના અસ્હાબોની જેમ, આપણને પણ માઅસુમીન (અ.સ.) ની ઝીન્દગીમાંથી બોધપાઠ હાંસીલ કરવાની તોફીક અતા કરે . ( ઈલાહી આમીન )

# કઠોળ

***કઠોળ*** (૧) કઠોળમાં પ્રોટિન ઉપરાંત કેલ્સિયમ સારા પ્રમાણમાં છે. આપણે કેલ્સિયમ માટે દૂધનો ઉપયોગ કરીએ છીએ. દૂધ કરતાં કઠોળમાં અડધા પ્રમાણમાં કેલ્સિયમ છે. તે જ રીતે તેમાં ફોસ્ફરસ અને લોહ તત્ત્વ પણ છે. લિસિથિન પણ કઠોળમાં સારા પ્રમાણમાં છે. કઠોળમાં ગંધકનું પ્રમાણ સારૂં હોય છે. તેને લઇને જે ગૅસ ઉત્પન્ન થાય છે, તેથી દુર્ગંધ આવે છે.

### ***નીચેના શબ્દોનો તરજુમો ફ્રેંચીમાં લખો.***

**પ્રોટીન - કેલ્સિયમ - કઠોર - ફોસ્ફરસ - લોહ તત્ત્વ - લિસિથિન - ગંધક - ગેસ - ઉત્પન્ન - દુર્ગંધ.**

## ઉપકાર નો બદલો અપકાર ?



**એક** કૂતરી હતી. કૂતરીને ચાર ગલૂડિયાં હતાં. રહેવા માટે તેની પાસે કોઈ જગ્યા નહોતી. શિયાળો આવી પહોંચ્યો. ખૂબ ઠંડી પડવા માંડી. કૂતરી અને બચ્ચાં ઠંડીમાં ધ્રૂજવા માંડ્યાં. કૂતરીને થયું કે જો રહેવાની કોઈ વ્યવસ્થા નહીં કરું તો બચ્ચાં મરી જશે. નજીકમાં જ એક કૂતરાની બખોલ હતી. કૂતરી કૂતરાને આજીજી કરીને બોલી, 'ભાઈ, મારાં ગલૂડિયાં ટાઢમાં મરી જશે. બખોલમાં જગ્યા હોય તો બચ્ચાંને રહેવા દો.'

કૂતરો ભલો હતો. તે બોલ્યો, 'બચ્ચાંને પણ લઈ આવ અને તું પણ આવી જા. હું બીજે જાઉં છું. થોડા દિવસ પછી આવીશ. ત્યાં સુધીમાં ટાઢ ઓછી થઈ જશે.'

કૂતરો જતો રહ્યો. જોતજોતામાં થોડાં દિવસો વીતી ગયા. ટાઢ પણ ઓછી થઈ ગઈ. એક દિવસ કૂતરો આવી પહોંચ્યો. કૂતરીને કહ્યું, 'હવે મારું ઘર ખાલી કરી આપ.'

કૂતરીને એ ઘર છોડવું નહોતું. એણે બહાનું કાઢીને કહ્યું, 'મારાં બચ્ચાં હજી નાનાં છે. એમને લઈને ક્યાં જાઉં? થોડા દિવસ હજી અમને રહેવા દો તો મહેરબાની.'

કૂતરો બોલ્યો, 'ભલે, થોડા દિવસ રહો. પણ હવે પાછો આવું ત્યારે ઘર ખાલી કરી આપજે.'


કૂતરો જતો રહ્યો. થોડો સમય વીતી ગયો. એક દિવસ કૂતરો આવી પહોંચ્યો. કૂતરાને દૂરથી આવતો જોઈને કૂતરી બખોલમાંથી બહાર આવી ગઈ. કૂતરો બોલ્યો, 'હવે તો બચ્ચાં મોટાં થઈ ગયાં ને ?'

કૂતરીએ કહ્યું, 'હા બહુ મોટાં થઈ ગયાં છે. એ ચાર ને હું પાંચમી. ને તું છે એકલો. જરાપણ ડબડબ કરીશ તો જોવા જેવી થશે. માટે છાનોમાનો જતો રહે અહીંથી.'

કૂતરો સમજી ગયો કે કૂતરીની દાનત બગડી છે. એણે પોતાનું ઘર પચાવી પાડ્યું છે. એ કંઈ બોલવા જાય ત્યાં તો મોટામોટા ચાર ડાઘીયા કૂતરા બહાર આવ્યા ને ઘૂરકવા માંડ્યા. કૂતરો નિરાશ થઈ ત્યાંથી ચાલતો થયો. ઘર ગુમાવ્યાનું એને બહુ દુઃખ થયું. પણ વધુ દુઃખ તો એને એ વાતનું થયું કે જે કૂતરી પર દયા કરી એ કૂતરીએ જ એનું ઘર આંચકી લીધું. પોતે એના પર ઉપકાર કર્યો પણ એણે કેવો બદલો વાળ્યો.

બીજા ઉપર ઉપકાર કરવા જતી વખતે એ વાત હંમેશા યાદ રાખવી કે આ જગતમાં ઘણા લોકો ઉપકારનો બદલો અપકારથી પણ વાળે છે !

# ચોરને ચાંદચડા સુજે



એક વખત નગરના મોટા પ્રતિષ્ઠિત વેપારીને ઘેર મોટી રકમની ચોરી થઈ ગઈ. વેપારીએ તે ચોરીની ફરિયાદ કાજી પાસે કરી પરંતુ ઘણી તપાસ કર્યા પછી પણ ચોરી કોણે કરી છે તે ખબર ન પડી ત્યારે તે મામલો અકબરના દરબારમાં આવ્યો.

અકબર બાદશાહે ચોરને શોધી કાઢવાનો હુકમ બીરબલને કર્યો. બીરબલે તે વેપારીને બોલાવ્યો અને પૂછ્યું: 'તમને કોઈ પર શક છે? શક હોય તો કહી દેજો, ગભરાતા નહીં. તમને તમારું ચોરાયેલું ધન મળી જશે.'
વેપારીએ જવાબ દીધો, 'હજૂર, મારો એવો અંદાજ છે કે મારા નોકરોમાંથી કોઈ એકે આ ચોરી કરી છે. કોઈ બહારના માણસનું આ કામ નથી. પરંતુ મારા ચાર-પાંચ નોકરોમાંથી કોણે ચોરી કરી હશે તે હું કહી શકતો નથી.'

બીરબલે સિપાહીને મોકલી તે વેપારીના નોકરોને તેડાવ્યા. જ્યારે ચારેય નોકરો આવી ગયા ત્યારે બીરબલે ચાર એક સરખી લાંબી લાકડીઓમાંથી એક એક લાકડી નોકરોને આપી અને કહ્યું: 'જુઓ, આ જાદુઈ લાકડી તમારે ચારેયને તમારી પાસે આજ રાત પૂરતી રાખવાની છે.'

આમ કહી બીરબલે લાકડીઓ ઉપર મંત્ર ફૂંકવાનો ઢોંગ કર્યો. પછી કહ્યું: 'કાલે સવારે આવીને તમારે ચારેયે મને સૌ સૌની લાકડી બતાવવાની છે. જેણે ચોરી કરી હતે તેની લાકડી કાલ સવારે એક વેંત લાંબી થઈ જશે. અને જેણે ચોરી નહીં કરી હોય તેની લાકડી એ જ માપની રહેશે.' આમ કહી બીરબલે ચારેય નોકરોને અલગ અલગ ઓરડામાં બંધ કરી દીધા.
કહી બીરબલે ચારેય નોકરોને અલગ અલગ ઓરડામાં બંધ કરી દીધા.

હવે બન્યું એવું કે જે ખરેખર ચોર હતો તેણે ઓરડામાં જઈ વિચાર્યું કે મેં ચોરી કરી છે તેથી મારી લાકડી સવાર સુધીમાં એક વેંત લાંબી જઈ જશે.

તો હું આ લાકડીમાંથી એક વેંત અત્યારે જ કાપી નાખું તો સવારે મારી લાકડી લાંબી થશે તો બધા નોકરોની જેવડી જ થઈ જશે. આમ વિચારી તે ચોર નોકરે પોતાની લાકડી એક વેંત જેટલી કાપી નાખી.

તે લાકડી ખરેખર જાદુઈ નહોતી. સવારે જ્યારે ચારેય નોકરો પોતાની લાકડી લઈને હાજર થયા ત્યારે બીરબલે બધી લાકડી સાથે રાખી ને માપી અને તેણે તરત જ કહી દીધું કે આ એક વેંત નાની લાકડીવાળા નોકરે જ ચોરી કરી છે. નોકરની ચોરી પકડાઈ ગઈ હતી. તે હવે સજા મળવાના ભયથી ગભરાઈ ગયો. તેણે ચોરીની બધી વાત કબૂલ કરી લીધી. આમ બીરબલની ચતુરાઈને કારણે સાચો ચોર પકડાઈ ગયો અને વેપારીને તેનું ધન પાછું મળી ગયું અને ચોરને સજા થઈ.

# અગત્યની કેહ્વતો

**ઉતાવળે આંબા ન પાકે :** ઉતાવળ કરવાથી કામ બગડે

**આપ ભલા તો જગ ભલા :** ભલા સાથે બધા ભલાઈથી વર્તે

**આંધળામાં કાણો રાજા :** અજ્ઞાનીઓમાં નજીવા જ્ઞાન વાળો પણ હુશયાર લાગે.

**વાવે તેવું લણે :** કરે તેવું પામે.

**નાદાનની દોસ્તીને જાનનું જોખમ :** મૂર્ખ વ્યક્તિ સાથેની દોસ્તી નુકસાન કારક નીવડે છે

**નહિ મામા કરતા કાણો મામો શું ખરાબ :** કશું ન હોય તેના કરતાં થોડું પણ હોય તે સારૂં.

**નવરો નખોદ વાળે :** નવરો નુકસાન કરે.

**નમે તે સૌને ગમે :** નમ્રતાવાળો માણસ બધાંને પ્રિય બને છે.

**ધીરજનાં ફળ મીઠાં છે :** સબ્રનો નતીજો હમેશા સારો હોય છે.

**દામ કરે કામ :** પૈસાથી બધું કામ પાર પડે છે.

**દોરડી બળે પણ વળ ન છોડે:**ગમે તેવા સંજોગોમાં માણસનો અસલ સ્વભાવ ન બદલાય

# દાદીમાં ની શિખામણ

***કેસર*** એનું એક નાનું તણખલું જીભ પર મૂકતાં આખી જીભ અડધી મિનિટમાં લાલ થઈ જાય અને ત્રણ કલાક સુધી સુગંધ આવે. એ જ રીતે એક જ નાનું તણખલું દૂધમાં નાખો તો તરત જ દૂધ કેસરી કે લાલ થઈ જવું જોઈએ. આવું ન થાય તો એ બનાવટી કેસર હોવું જોઈએ. કાશ્મીરમાં કેસર-ચંદન વાટીને અડધી ચમચી લેપ દરરોજ ખાવામાં આવે છે. જેનાથી કોઈ દિવસ કેન્સર નથી થતું. નાનાં બાળકોને પણ રોજ ખવડાવવામાં આવે છે, જેથી તેમને તાવ નથી આવતો કે શરદી થતી નથી.

***ડુંગળી*** ડુંગળી પરમ ગુણકારક છે એ લોહીની ગાંઠોને ઓગાળે છે, આથી હૃદય અને મગજની ગાંઠોમાં થતા થ્રોમ્બોસિસના હુમલા સામે રક્ષણ આપે છે.

***તજ*** પાતળી તજ ઉત્તમ ગણાય છે. તે તીખી, મધુર, કડવી, સુગંધીદાર શરીરનો રંગ સુધારનાર તેમ જ વાયુ, મટાડનાર છે.

***સીતાફળ*** સીતાફળ ખૂબ જ ઠંડાં છે અને વધુ પડતાં ખાવામાં આવે તો શરદી કરે છે. તેના આ ગુણને લીધે જ એનું નામ શીતફળ પડ્યું હશે. પાછળથી સીતાફળ બની ગયું હશે.

***તડબૂચનાં બી*** તડબૂચનાં બીની મીંજને મગજતરી કહે છે, કેમ કે એ મીંજ ખાવાથી બુદ્ધિ વધે છે.

# ક્રિયાપદ નો કેમ ઉપયોગ કરશો?

| | | |
|---|---|---|
| ખાઈ | લેવું | મે કેરી <u>ખાઈ લીધી</u>. |
| નાખવું | નાખવું | મે જે કહેવું હતું તે <u>કહી નાખ્યું</u> |
| કાપી | કાઢવું | મે કેરી <u>કાપી કાઢી</u>. |
| સમજી | જવું | હું એમની વાત <u>સમજી ગયો.</u> |
| સંભળાવી | દેવું | મેં એમને બે વાત <u>સંભળાવી દીધી.</u> |
| ઉતરી | જવું | હું ફટાફટ પગથીયાં <u>ઉતરી ગયો.</u> |
| ભરી | રાખવું | સારું થયું કે મે પાણી <u>ભરી રાખ્યું.</u> નહી તો આપણે શું કરત? |
| હસી | પડવું | તે જોર જોરથી <u>હસી પડયો.</u> |
| બોલી | ઉઠવું | તે એકાએક <u>બોલી ઉઠયો.</u> |
| કાઢી | મુકવું | મેં રમેશને ઓફિસમાંથી કાઢી મુકયો. |

# સંખ્યાવાંચન

**૧00 સો - ૨00 બસો**
**300 ત્રણસો**
**૧000 હજાર**
**૧0 0000 દસ હજાર**
**૧00 000 લાખ**
**૧ 000 000 દસ લાખ**
**૧0 000 000 કરોડ**
**૧ 000 000 000 અબજ**

| | |
|---|---|
| ¼ | પા |
| ½ | અડધું |
| ¾ | પોણું |
| 1¼ | સવા |
| 1 ½ | દોઢ |
| 1 ¾ | પોણા બે |
| 2 ¼ | સવા બે |
| 2 ½ | અઢી |
| 2 ¾ | પોણા ત્રણ |